# <u>વેચાણ દસ્તાવેજ</u>

આજરોજ તારીખ : ........... ને .....વાર ના રોજ "અશોક વાટીકા" નામની યોજનામાં આવેલ પ્લોટ નંબર : ...... નો રૂા. ................../- નો વેચાણ દસ્તાવેજ ...

<u>લખી લેનાર / વેચાણ રાખનાર / પ્રથમ પક્ષવાળા :</u>

(૧) ................................., ઉ.વ.આ......., ધંધો : ..........
[..........................]

(૨) ................................., ઉ.વ.આ......., ધંધો : ..........
[..........................]

ઉપરોક્ત બંન્ને રહેવાસી : ..................................................

(જેમને હવે પછી સદર વેચાણ દસ્તાવેજમાં "પ્રથમ પક્ષવાળા" અથવા "વેચાણ રાખનાર" અથવા "તમો" તે રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં પ્રથમ પક્ષવાળા અને / તથા તેઓના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઇનીઓ, એક્ઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો, ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

<u>લખી આપનાર / જમીન માલિક / બીજા પક્ષવાળા :</u>

૧) પટેલ શાંતાબેન જશભાઇ ,ઉ.વ.આ.પુખ્ત, ધંધો- ઘરકામ
૨) પટેલ ઠાકોરભાઇ જશભાઇ,ઉ.વ.આ.પુખ્ત, ધંધો- ખેતી
૩) પટેલ હસમુખભાઇ ગોકળભાઇ ,ઉ.વ.આ.પુખ્ત, ધંધો- ખેતી
૪) પટેલ મંજુલાબેન ગોકળભાઇ ,ઉ.વ.આ.પુખ્ત, ધંધો- ઘરકામ
૫) પટેલ ઇન્દ્રવદન ગોકળભાઇ ,ઉ.વ.આ.પુખ્ત, ધંધો- ખેતી
૬) પટેલ ઘનશ્યામભાઇ ગોકળભાઇ ,ઉ.વ.આ.પુખ્ત, ધંધો- ખેતી
૭) પટેલ શશીકાંતભાઇ ગોકળભાઇ ,ઉ.વ.આ.પુખ્ત, ધંધો- ખેતી
૮) પટેલ અશોકભાઇ જશભાઇ ,ઉ.વ.આ.પુખ્ત, ધંધો- ખેતી

તમામ રહે : મું. બીલ, તા.જી. વડોદરા. અનુક્રમ નંબર : ૧ થી ૭ ના કુલમુખત્યાર અનુક્રમ નંબર : ૮ વાળા પોતે પટેલ અશોકભાઇ જશભાઇ ,ઉ.વ.આ.પુખ્ત, ધંધો- ખેતી, ઉ.વ.આ.પુખ્ત, ધંધો : ખેતી, રહેવાસી : બીલ, તા.જી. વડોદરા. (જેમને હવે પછી સદર વેચાણ દસ્તાવેજમાં "બીજા પક્ષવાળા" અથવા "વેચાણ આપનાર" અથવા "અમો" તે રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં બીજા પક્ષવાળા પોતે / તથા તેઓના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઇનીઓ, એક્ઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો, ઇત્યાદી તમામનો સમાવેશ થાય છે.)

<u>ત્રીજા પક્ષવાળા / ડેવલોપર :</u>

**મેસર્સ સમૃધ્ધી કોર્પોરેશન** નામની ભાગીદારી પેઢી જેની રજીસ્ટર્ડ ઓફીસ : બી/૨૩, જયભારત સોસાયટી ઉત્કર્ષ સ્કુલ પાસે, ગોત્રી રોડ, વડોદરા. ખાતે આવેલ છે. તેના વતી અને તર્ફે વહીવટકર્તા ભાગીદાર : દવે હરિઓમ હર્ષદભાઇ, ઉ.વ.આ.પુખ્ત, ધંધો- ખેતી, ઉ.વ.આ.પુખ્ત, ધંધો : ખેતી, રહેવાસી : બી/૨૩, જયભારત સોસાયટી ઉત્કર્ષ સ્કુલ પાસે, ગોત્રી રોડ, વડોદરા. (જેમને હવે પછી સદર વેચાણ દસ્તાવેજમાં "ત્રીજા પક્ષવાળા" અથવા "ડેવલોપર" તરીકે સંબોધવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં ત્રીજા પક્ષવાળી ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના હયાત ભાગીદાર

વિગેરે જેવા તમામ ખર્ચ તથા નવીન નાખવાનો ખર્ચ સોસાયટીના તમામ સભાસદોએ વરાડે / સરખા હીસ્સે આપવાનો છે તે પ્રમાણે તમોએ પણ આપવાનો રહેશે.

૧૧. સમગ્ર "અશોક વાટીકા" યોજનાની તમામ સામુહીક સુવિધાઓ (એમીનીટીસ) જેવીકે ગાર્ડન, કોમન પ્લોટ, ઈન્ટરનલ રોડ, વિગેરે તમામ સામુહીક સુવિધાઓમાં તમો / વેચાણ રાખનાર કોઈ પણ પ્રકારે માલિકી હક્ક કરી શકશે નહી કે જુદો ભાગ માંગી શકશે નહી. તે તમામ સુવિધાઓના કાયમને માટે માલિકી હક્ક અને અધિકાર સામુહીક સહીયારો રહેશે.

૧૨. ભવિષ્યમાં તમો / વેચાણ રાખનાર નીચે પરિશિષ્ટમાં જણાવેલ મીલકત વેચાણ અથવા તબદિલ અથવા ગીરો કરો ત્યારે સદર વેચાણ દસ્તાવેજથી તમોને જે જે હકકો અને અધિકારો મળેલ છે, ફક્ત તેજ મળેલ હક્કો અને અધિકારો તથા સદર વેચાણ દસ્તાવેજમાં જણાવેલ ઉપરના નીયમો તથા શરતોને તથા વખતો વખત બનાવવામાં આવેલ નીયમોને આધિન હક્કો અને અધિકારો સહ વેચાણ અથવા તબદિલ અથવા ગીરો કરી શકશો તેવી સ્પષ્ટ શરત સહ સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

<u>પરિશિષ્ટ</u>

<u>વેચાણ આપેલ મિલકતનું વર્ણન</u>

ગુજરાત રાજ્યના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા અને સબ ડીસ્ટ્રીકટ વડોદરા વિભાગ - ૩ ના મોજે ગામ બીલ ની સીમમાં બ્લોક / સર્વે નંબર : ૪૧૦ છે. જેનો જુનો સર્વે નં. : ૫૪૦ અને ૫૪૧ , છે જેનું ક્ષેત્રફળ : ૧-૫૪-૭૯ હેકટર આરે.ચો.મી. જમીન છે. જેનો આકાર રૂ. ૧૭.૬૨ પૈસા છે. જેનો ખાતા નંબર : ૮૬૬ છે. તે ખેતરનું નામ : બંગલાવાળું છે. જે વુડાની ટી.પી.સ્કીમ નં. : ૧ માં આવેલ ફાઈનલ પ્લોટ નંબર : ૫૬ છે અને ફાઈનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ : ૧૧૬૨૭ ચો.મીટર વાળી **જમીનમાં** આયોજીત "<u>અશોક વાટીકા</u>" નામની યોજનામાં રહેણાંકના પ્લોટસ છે. તે પૈકી નીચે જણાવેલ પ્લોટ અને તેના માપ વાળી મિલકત તમોને વેચાણ આપેલ છે.

| પ્લોટ નંબર | પ્લોટનું માપ ચો. મીટર | કોમન રોડ અને કોમન પ્લોટની વરાડે પડતી વણ વહેચાયેલ જમીન ચો. મીટર | કુલ ક્ષેત્રફળ ચો. મીટર |
|---|---|---|---|
| | | | |

પ્લોટ ની ચતુ : સીમા નીચે મુજબ છે.

પૂર્વે :
પશ્ચિમે :
ઉત્તરે :
દક્ષિણે :

